ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૧ તા.૦૨.૧૨.૨૦૧૭

----------

**ગુજરાતમાં ૧૨.૫૦ લાખ ગેસ કનેકશન ગરીબ મહિલાઓને પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ આપવામાં આવેલા છે – શ્રી ધર્મેન્દ્ર પ્રધાન**

----------

**આઝાદીકાળથી નહેરૂ - ગાંધી પરિવારના મતક્ષેત્ર તેવા અમેઠીમાં હજી સુધી ફક્ત ૨૭ ટકા લોકો પાસે જ એલ. પી. જી. કનેક્શન છે – શ્રી ધર્મેન્દ્ર પ્રધાન**

---------

**પોતાના મતક્ષેત્રોની ગરીબ મહિલાઓની ચિંતા ના કરી અને હવે ગુજરાતમાં આવીને અમે આમ કરશું અને તેમ કરશુંની ગુલબાંગો ફેંકે છે – શ્રી ધર્મેન્દ્ર પ્રધાન**

---------

**૨૦૦૮માં કેન્દ્રમાં કોંગ્રેસની જ સરકાર હતી, ત્યારે શાં માટે તમે ક્રુડ ઓઇલની રોયલ્ટી ગુજરાતને આપવાનું બંધ કર્યું ? હાઇકોર્ટના ગુજરાતની તરફેણના ચુકાદા બાદ સુપ્રિમમાં શા માટે ગયા ? – શ્રી ધર્મેન્દ્ર પ્રધાન**

----------

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના હક્કના ૮૦૦૦ કરોડથી વધારે નાણાં સત્વરે છૂટા કરી યુ.પી.એ. દ્વારા કરાયેલ અન્યાય દૂર કર્યો**

------

આજરોજ થલતેજ ભાજપા મીડીયા સેન્ટર ખાતે કેન્દ્ર સરકારના પેટ્રોલીયમ મંત્રીશ્રી ધર્મેન્દ્ર પ્રધાને પત્રકાર પરીષદ સંબોધતાં જણાવ્યું હતું કે, ગુજરાતની ચૂંટણીના પહેલા તબક્કાનાં અંતિમ ચરણ પર આપણે આગળ વધી રહ્યાં છીએ. થોડા દિવસોથી રાહુલ ગાંધી ગુજરાતની અંદર તેમજ ગુજરાત બહાર એવી વાતો કરે છે કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી એ શું કર્યુ ? હું તમારા માધ્યમથી એક બે વાતો ગુજરાત અને દેશની જનતાને પહોંચાડવા માંગુ છું.

શ્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતુ કે, WHO ના અહેવાલ પ્રમાણે ભારતમાં દર વર્ષે પાંચ લાખ મહિલાઓના મૃત્યું લાકડા, કાચા ઇંધણ વગેરેના ચુલાના ધુમાડાના પ્રદુષણના કારણે થાય છે. ૨૦૧૪માં કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી સરકાર આવી ત્યારથી આ વિષયને અગ્રતા આપી તેના માટે અસરકારક યોજના બનાવવાનું નક્કી કરવામાં આવ્યું. છેલ્લા દોઢ વર્ષથી પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ ૩ કરોડથી વધુ મહિલાઓને સરકારના ખર્ચે એલ. પી. જી. કનેકશન આપવામાં આવ્યા છે. દેશભરમાં ૧૯૫૫થી ૨૦૧૪ સુધીમાં કુલ ફક્ત ૧૩ કરોડ એલ.પી.જી. કનેકશનો હતાં,જ્યારે આજે ફક્ત સાડા ત્રણ વર્ષની અંદર સાડા આઠ કરોડ નવા એલ.પી.જી. કનેક્શન આપવામાં આવ્યા છે, આજે કુલ ૨૧.૫૦ કરોડ એલ.પી.જી. કનેક્શન ભારતમાં છે, તેમાંથી ૩ કરોડ જેટલા કનેકશન દેશની ગરીબ મહિલાઓને સરકારી ખર્ચે આપવામાં આવ્યા છે. ગુજરાતમાં પણ ૧૨.૫૦ લાખ ગેસ કનેક્શન ગરીબ મહિલાઓને પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ આપવામાં આવેલા છે.

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




શ્રી ધર્મેન્દ્ર પ્રધાને વધુમાં જણાવ્યું હતુ કે, થોડા દિવસો પહેલાં હું આ યોજના શરૂ કરાવવા માટે અમેઠી ગયો હતો, ત્યાં જઇને મને ખૂબ જ ચોંકાવનારી માહિતી મળી હતી. મિત્રો હું ઓરીસ્સાથી આવું છું, ઓરીસ્સા સમગ્ર દેશમાં સૌથી વધુ પછાત અને ગરીબ રાજ્ય તરીકે ઓળખાય છે. પરંતુ અમેઠીની હાલત ઓરીસ્સાના સૌથી પછાત વિસ્તાર કરતાં પણ વધારે ખરાબ જોઇ મને ખૂબ જ આશ્ચર્ય થયું. જે અમેઠીમાં ૧૩.૫ વર્ષથી રાહુલ ગાંધી સાંસદ છે. આઝાદીકાળથી નહેરૂ ગાંધી પરિવારનું આ મતક્ષેત્ર છે, તેવા અમેઠીમાં હજી સુધી ફક્ત ૨૭ ટકા લોકો પાસે જ એલ. પી. જી. કનેક્શન છે. જે ક્ષેત્રોમાં રાહુલ ગાંધી વર્ષોથી ચૂંટાઇ છે, તે ક્ષેત્રોની ગરીબ મહિલાઓની તેણે ચિંતા ના કરી અને હવે ગુજરાતમાં આવીને અમે આમ કરશું અને તેમ કરશુંની ગુલબાંગો ફેંકે છે, પરંતુ ગુજરાત અને દેશની જનતા કોંગ્રેસની વાસ્તવિક્તા સુપેરે ઓળખે છે.

શ્રી પ્રધાને જણાવ્યું હતુ કે, કોંગ્રેસની કેન્દ્રની સરકારે વર્ષો સુધી ગુજરાતને અન્યાયો કર્યા છે. ઓ.એન.જી.સી. ગુજરાતમાં મોટા પ્રમાણમાં ઓઇલ એકસપ્લોરેશન કરે છે. મનમોહનસિંહ સરકારે ગુજરાતને મળતી ક્રુડ ઓઇલની રોયલ્ટી બંધ કરી દીધી. ગુજરાત સરકાર તેની સામે કોર્ટમાં ગઇ અને હાઇકોર્ટે પણ ગુજરાત સરકારની તરફેણમાં ચુકાદો આપી જણાવ્યું હતું કે, આ રોયલ્ટીની આવક ગુજરાતની જનતાનો હક છે, જે તેને મળવો જોઇએ, તેમ છતાં કોંગ્રેસની સરકાર આ મામલે સુપ્રિમ કોર્ટમાં ગઇ.

શ્રી પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, હું રાહુલ ગાંધીને પ્રશ્ન પુંછવા માંગુ છુ કે, ૨૦૦૮માં કેન્દ્રમાં તમારી જ સરકાર હતી, ત્યારે શાં માટે તમે ક્રુડ ઓઇલની રોયલ્ટી ગુજરાતને આપવાનું બંધ કર્યું ? હાઇકોર્ટના ગુજરાતની તરફેણના ચુકાદા બાદ સુપ્રિમમાં શા માટે ગયા ? ભાજપાની વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી સરકાર દેશમાં બનતા ગુજરાતના હક્કના ૮૦૦૦ કરોડથી વધારે નાણાં સત્વરે છૂટા કરવામાં આવ્યાં હતા અને યુ.પી.એ. દ્વારા કરાયેલ અન્યાય દૂર કરવામાં આવ્યો છે.

શ્રી પ્રધાને અંતમાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર ગુજરાતને તેનો હક આપવા પ્રતિબધ્ધ છે. દેશના અર્થતંત્રમાં ગુજરાત પ્રમુખ ભૂમિકા ધરાવે છે, ત્યારે વિકાસોન્મુખ ભાજપા સરકારને ગુજરાતની જનતા ફરીથી ઐતિહાસિક બેઠકો સાથે વિજય બનાવશે, અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની વિકાસયાત્રા અવિરત ચાલુ રહે તે માટે તેમજ દેશના ગૌરવને મજબૂત બનાવવા સિંહ ફાળો આપશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર – મીડિયા સેલ

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૨ તા. ૦૨.૧૨.૨૦૧૭

----------

## ઉત્તરપ્રદેશની વિજયી પરંપરા ગુજરાત દોહરાવશે.

---------

## ગુજરાત મોડેલ રાષ્ટ્રમાં અને ઉત્તરપ્રદેશમાં સ્વિકૃત થયું.

---------

## ગુજરાત મોડેલ એ “હૃદય” નું મોડેલ છે.

--------

ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યમંત્રી ડો. દિનેશજી શર્માએ આજરોજ ભાજપાના થલતેજ સ્થિત મીડીયા સેન્ટર ખાતે પત્રકારોને સંબોધતાં જણાવ્યું હતું કે, ઉત્તરપ્રદેશની જનતાએ લોકસભાની ચૂંટણીમાં, વિધાનસભાની ચૂંટણીમાં અને નગરપંચાયતની ચૂંટણીમાં ભાજપાને લગલગાટ ત્રીજો વિજય અપાવીને ગુજરાત અને ભારતના ગૌરવ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીને સક્ષમ ભારત બનાવવાં માટેનું સમર્થન આપ્યુંછે. ભારત આજે દેશ અને દુનિયામાં ગૌરવ પામી રહ્યું છે, તેના પાયામાં ગુજરાતવાસીઓએ દેશની સેવામાં આપેલાં બે રાષ્ટ્રભક્તો રાજનીતિના ચાણક્ય ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ અને ભારતના ગૌરવ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી છે, તેઓશ્રી ગુજરાતની જનતાને રાષ્ટ્રની અદભૂત સેવા કરવાં બદલ અભિનંદન આપ્યાં છે.

તેઓશ્રીએ જણાવ્યું હતું કે, ઉત્તરપ્રદેશની જનતાએ ભાજપાનો કેસરીયો લહેરાવ્યો, લોકસભામાં અમારી અપેક્ષાથી વધારે બેઠકો આપી, વિધાનસભામાં પણ અમારી અપેક્ષાથી વધુ બેઠકો આપી, નગર નિગમની ચૂંટણીઓમાં પણ અમારી અપેક્ષાથી વધું બેઠકો આપીને ગુજરાત મોડેલને સ્વીકૃત કર્યું છે. ગુજરાત મોડેલ એ વિકાસનું પ્રતીક છે. ગુજરાત મોડેલ એ ”હૃદય“નું મોડેલ છે. ગુજરાત મોડેલ એ ”સૌનો સાથ, સૌનો વિકાસ” નું મોડેલ છે. ગુજરાત મોડેલ એ આધ્યાત્મિકતા, સાંસ્કૃતિકતા, દિવ્યતા, ભવ્યતા, અને ભારત ભક્તિનું મોડેલ છે. આ મોડેલના પાયામાં કમીટમેન્ટ છે. વાતો નથી.વાસ્તવિક્તા છે, ગુજરાતની જનતા આ બધું જ જાણે છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



તેઓશ્રીએ અંતમાં જણાવ્યું હતું કે, ગુજરાત મોડેલ સામે પ્રશ્નો કરનાર કોંગ્રેસ અમેઠીને સંભાળી શકતી નથી. કોંગ્રેસ ગુજરાતના યુવાનો, કિસાનો અને મહિલાઓને ગુમરાહ કરવાંના પ્રયાસ કરે છે તેનાથી ગુજરાત બદલાવાનું નથી.

રાષ્ટ્ર વિરોધીઓ, ભારત વિરોધીઓને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું નેતૃત્વ પચતું નથી તેની પાછળ ગુજરાત વિરોધી માનસ કામ કરે છે. ગુજરાત અને ગુજરાતનું નેતૃત્વ ઉત્તરપ્રદેશને રાહ આપી શકતું હોય, દેશ અને દુનિયાને રાહ આપી શકતું હોય તે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૩/૪ બેઠકો પર ભાજપાને જીતાડી પુન:દેશનું રાહબર બનશે અને ઉત્તરપ્રદેશનું પુનરાવર્તન કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આજરોજ ડો. દિનેશ શર્મા સાથે પત્રકાર પરિષદમાં પ્રદેશ પ્રવક્તા ડો. જગદીશ ભાવસાર, ડીબેટ ટીમના સભ્ય શ્રી સુનિલ શાહ હાજર રહ્યાં હતાં.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર – મીડિયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા.૦૨.૧૨.૨૦૧૭

---------------------

## આજરોજ ૨ ડીસેમ્બર ૨૦૧૭ના દિવસે ચૂંટણી કમિશન સાથેની મીટીંગમાં રજુ કરાયેલ મુદ્દાઓ

---------------------

ભારતના ચૂંટણી કમિશન દ્વારા ગુજરાત રાજ્યમાં નિષ્પક્ષ અને નિર્ભર રીતે ચૂંટણી યોજવામાં આવે તે માટેના સતત પ્રયત્નો ભાજપા સમર્થન અને સ્વાગત કરે છે.

મુદ્દાઓઃ

૧. ચૂંટણી કમિશનની ગાઇડ લાઇન મુજબ હેલિકોપ્ટર લેન્ડિંગ માટેની પરમીશનના ૭૨ કલાક પહેલા લેવાની થાય છે, પરંતુ હવે પ્રચાર પુરજોશમાં ચાલુ હોવાથી આ સમય બહુ વધારે પડતો લાંબો હોવાને લીધે તે સમયમર્યાદા ૭૨ કલાકને બદલે ઓછી કરવી એવી વિનવણી કરેલ છે.

૨. જામનગરના નિરિક્ષક દ્વારા હોર્ડિંગ્સ અને ફ્લેગ લગાવવાના મુદ્દે અકારણ મુશ્કેલીઓ ઉભી કરવાનો પક્ષના ધ્યાનમાં આવ્યું છે, જેથી ચૂંટણી કમિશનને જામનગરના નિરિક્ષકને આ અંગે યોગ્ય સૂચનાઓ આપવાની વિનંતી કરવામાં આવેલ છે.

૩. ચૂંટણી કમિશન દ્વારા ચૂંટણી રિટર્નીંગ અધિકારીને સૂચનાઓ આપવામાં આવે છે પરંતુ, ઘણે ઠેકાણે રિટર્નીંગ અધિકારીઓ દ્વારા એમના પોતાના મતલબો કાઢવામાં આવતા હોવાથી ઘણી મુશ્કેલીઓ અને ગેરસમજણો ઉભી થવાની સંભાવનાઓ રહે છે એ અંગે પણ યોગ્ય પગલાં લેવાની નમ્ર વિનંતી કરેલ છે.

૪. ભૂતકાળની ચૂંટણીઓમાં કેટલાક ઠેકાણે પોલીંગ એજન્ટ અને કાઉન્ટંગ એજન્ટના પોલીસ ક્લિયરન્સ લેવાનું જણાવેલ હોવાનું અમારા ધ્યાન પર આવતા અમને ચૂંટણી કમિશનને એવી વિનંતી કરેલ છે કે, આવા કોઇ ક્લિયરન્સની જરૂરીયાત ન હોવાનું એમના દ્વારા જે-તે અધિકારીઓ દ્વારા સૂચિત કરવામાં આવે.

૫. ચૂંટણી દરમ્યાન નાણાંનો દુરૂપયોગ ન થાય એ માટે ચૂંટણી કમિશન દ્વારા સ્ટેકટીક સર્વેલન્સ ટીમોને આપેલી સૂચનાઓનું અમે સ્વાગત કરએ છીએ પરંતુ એમ કરવા જતાં, સામાન્ય માણસો અને નાના-મોટા વ્યાપારીને કોઇ તકલીફ ન આપવામાં આવે તેવી વિનંતી પણ અમારા દ્વારા ચૂંટણી કમિશનને કરવામાં આવેલ છે.

૬. ભાજપા દ્વારા રાજ્યના કેટલાક સંવેદનશીલ બુથ પર કડક નિગરાની રાખવાની ચૂંટણી કમિશનને વિનંતી કરાયેલ છે, ઉપરાંત આવા કેટલાક સંવેદનશીલ બુથોની યાદી પણ ચૂંટણી કમિશનને સોંપવામાં આવેલ છે અને અમારા ધ્યાનમાં આવેલ બીજા કેટલાક બુથની યાદી પણ સત્વરે સુપરત કરવામાં આવશે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



૭. રાજ્યના ઘણાં વિદ્યાર્થીઓ અને સરકારી કર્મચારીઓ કે જેમને મતદાન કરવાનો અધિકાર એમના મૂળ સરનામા પર હોય છે પરંતુ ગુજરાતના ઘણાં એવા વિદ્યાર્થીઓ અને સરકારી કર્મચારીઓ છે કે જેઓ પરીક્ષા અથવા નોકરીના ભાગરૂપે, ચૂંટણીના દિવસે, પોતાના મૂળ મતદાન મથકથી ઘણા લાંબા અંતરે કાર્યરત હોય છે. મતદાન એ નાગરિકનું મૂળભૂત અધિકાર હોવાથી આવા મતદાતાઓને પોસ્ટલ બેલેટ અથવા અન્ય કોઇરીતે તેઓ મતદાન કરી શકે એ માટેની વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવાની પણ ચૂંટણી કમિશનને નમ્ર વિનંતી કરવામાં આવેલ છે.

૮. ચૂંટણી કમિશન દ્વારા મીડિયા સર્ટીફિકેશન અને મોનીટરીંગ કમિટિ દ્વારા કરવામાં આવેલ કામોની અમે ભાજપા તરફથી પ્રશસ્તી કરીએ છીએ.

૯. સ્ટાર પ્રચારક માટેના વાહનની મંજુરીનું પ્રોવીઝન છે, પરંતુ ઘણીવાર સ્ટાર પ્રચારક એકજ દિવસમાં ઘણા શહેરો, જીલ્લાઓ અથવા વિસ્તારો અથવા જુદા-જુદા સ્ટાર પ્રચારકો જુદા-જુદા મથકોની મુલાકાતો લેતા હોવાને લીધે એમના માટે ગોઠવવામાં આવનાર વાહનોની વિગતોમાં છેલ્લી ઘડીએ ફેરફારની સંભાવનાઓ રહેલી હોવાને લીધે તે અંગેની વિગતોની આગોતરી જાણ કરવાની બાબતે ઘણી મુશ્કેલીઓ પડી રહી છે. આથી આ પ્રકારના કિસ્સાઓમાં આવી કોઇ મુશ્કેઓ ન પડે તે પ્રકારની વ્યવસ્થા રાજ્યના મુખ્ય ચૂંટણી કમિશનને કરવામાં આવી છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર – મીડિયા સેલ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૪ તા.૦૨.૧૨.૨૦૧૭

---------------------

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે આજરોજ સોમનાથ મંદિરે જઇને ભગવાન સોમનાથના આશિર્વાદ લીધા હતા. સોમનાથ દાદાને જળાભિષેક કર્યો હતો. ગુજરાત પ્રગતિના માર્ગે, શાંતિ, સુરક્ષા અને વિકાસના માર્ગે આગળ વધે. ગુજરાત દિવ્ય બને અને ભારત ભવ્ય બને તેવી પ્રાર્થના કરી હતી.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર – મીડિયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૫ તા.૦૨.૧૨.૨૦૧૭

----------

૨૦૧૨ વિધાનસભાની ચૂંટણીમાં ૨૩ બેઠકોમાં કોંગ્રેસ અને અન્ય પાર્ટીઓ ૧૬૨ થી ૫૨૮૪ વચ્ચે જીતી હતી

--------

૨૦૧૪ લોકસભામાં આ બેઠકો પર ભાજપાની સરસાઇ છે. ભાજપાનો વિજય નક્કી છે

----------

ભાજપાના પ્રદેશ પ્રવક્તા ડો. જગદીશ ભાવસારે જણાવ્યું છે કે, ૨૦૧૨માં કોંગ્રેસ પાર્ટીએ ૫૨૮૪થી ઓછા મતોએ જીતેલી ૨૩ જેટલી બેઠકો ભાજપા આસાનીથી કોંગ્રેસ, પાસેથી આંચકી સરળતાથી ૧૫૦+ નો લક્ષ્યાંક પાર પાડશે.

| ક્રમ | બેઠકનો નંબર | બેઠકનું નામ | ૨૦૧૨માં વિજેતા પાર્ટીના મતની સરસાઇ-કોંગ્રેસ | ૨૦૧૪માં વિજેતા પાર્ટીની સરસાઇ લોકસભા-ભાજપા |
|---|---|---|---|---|
| ૧ | ૧૧૪ | સોજીત્રા | ૧૬૨ | ૧૭,૫૩૬ |
| ૨ | ૩૮ | કલોલ | ૩૪૩ | ૨૪,૪૪૧ |
| ૩ | ૧૫ | કાંકરેજ | ૬૦૦ | ૧૮,૯૭૩ |
| ૪ | ૨૪ | કડી (એસ.સી.) | ૧૨૧૭ | ૨૪,૫૦૮ |
| ૫ | ૧૧૧ | ઉમરેઠ (એન.સી.પી.) | ૧૩૯૪ | ૫,૧૧૭ |
| ૬ | ૧૩૯ | સંખેડા (એસ.ટી.) | ૧૪૫૨ | ૨૧,૧૪૮ |
| ૭ | ૯૧ | તલાલા | ૧૪૭૮ | ૧૬,૬૬૭ |
| ૮ | ૬૧ | લિંબડી | ૧૫૬૧ | ૧૪,૬૫૪ |
| ૯ | ૯૪ | ધારી (જી.પી.પી.) | ૧૫૭૫ | ૧૦,૫૨૨ |
| ૧૦ | ૯૦ | સોમનાથ | ૨૦૯૬ | ૪૧,૯૮૯ |
| ૧૧ | ૩૪ | દહેગામ | ૨૨૯૭ | ૧૪,૧૫૦ |
| ૧૨ | ૧૭૩ | ડાંગ (એસ.ટી.) | ૨૪૨૨ | ૨૨૧ |
| ૧૩ | ૫૧ | દરિયાપુર | ૨૬૨૧ | ૮૪૬૩ |
| ૧૪ | ૯૬ | લાઠી | ૨૭૬૪ | ૭૪૭૩ |
| ૧૫ | ૧૨૬ | ગોધરા | ૨૮૬૮ | ૧૩,૦૨૧ |
| ૧૬ | ૭૫ | ધોરાજી | ૨૯૪૩ | ૩૪,૧૬૯ |
| ૧૭ | ૭૭ | જામનગર ગ્રામ્ય | ૩૩૦૪ | ૨૪,૬૩૩ |
| ૧૮ | ૧૨૨ | લુણાવાડા | ૩૭૦૧ | ૨૨,૧૭૩ |
| ૧૯ | ૪૦ | સાણંદ | ૪૧૪૮ | ૪૪,૨૦૦ |
| ૨૦ | ૧૧૭ | મહેમદાવાદ | ૪૧૮૧ | ૩૨,૧૦૦ |
| ૨૧ | ૬૮ | રાજકોટ પૂર્વ | ૪૨૭૨ | ૨૯,૯૭૯ |
| ૨૨ | ૮૫ | માણાવદર | ૪૪૦૨ | ૩૫,૬૨૯ |
| ૨૩ | ૧૨ | પાલનપુર | ૫૨૮૪ | ૩૪,૬૩૨ |

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર – મીડિયા સેલ